પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૫૦, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૮-૦૨-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 150 PRICE :-RS. 1.50 DATE : 18-02-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### મથુરા જેલમાં મહિલા કેદી શબનમને ફાંસી અપાશે, તૈયારીઓ શરૂ

## આઝાદી બાદ પ્રથમ વખત મહિલાને ફાંસી આપવામાં આવશે



મથુરા,

મથુરાની જેલમાં મહિલાને ફાંસી આપવાની તૈયારી જેલ પ્રશાસને શરૂ કરી દીધી છે. આ ફાંસી અમરોહાની રહેનારી મહિલા શબનમે અપાઈ શકે છે. તેણે એપ્રિલ ૨૦૦૮માં પ્રેમી સલીમની સાથે મળીને પોતાના જ ૭ પરિવારના સભ્યોની કુહાડીથી કાપીને હત્યા કરી હતી. મથુરા જેલ પ્રશાસનને દોરડાન ઓર્ડેર આપ્યો છે. નિર્ભયા કાંડના દોષીઓને ફાંસી પર લટકાવનાર પવન જલ્લાદે ફાંસી ઘરની મુલાકાત પણ લીધી છે. જોકે ફાસીની તારીખ હજી સુધી નક્કી કરવામાં આવી નથી. જો શબનમે ફાંસી થાય છે તો આ આઝાદ ભારતનો પ્રથમ મામલો હશે.

જોકે દોષિત શબનમે સુપ્રીમ કોર્ટના ચુકાદાને પડકાર્યો હતો. જ્યાં સુપ્રીમ કોર્ટ નીચલી કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો છે. તે પછી શબનમ-સલીમે રાષ્ટ્રપતિને દયા અરજી મોકલી હતી. જોકે રાષ્ટ્રપતિ ભવને તેની અરજીને ફગાવી દીધી. આઝાદી પછી શબનમ પ્રથમ મહિલા કેદી હશે જેની ફાંસી આપવામાં આવશે. દેશમાં માત્ર મથુરા જેલનું ફાંસી ઘર એક માત્ર છે જ્યાં મહિલાને ફાંસી આપી શકાય છે. હાલ શબનમ બરેલી જ્યારે સલીમ આગ્રા જેલમાં છે. મથુરા જેલમાં ૧૫૦ વર્ષ પહેલા મહિલા ફાંસીઘર બનાવવામાં આવ્યું હતું. આઝાદી પછી અત્યાર સુધીમાં અહીં કોઈ પણ મહિલાને ફાંસીએ લટકાવવામાં આવી નથી. વરિષ્ઠ જેલ અધીક્ષકના જણાવ્યા મુજબ હાલ ફાંસીની તારીખ નક્કી કરવામાં આવી નથી. જોકે અમે તૈયારી શરૂ કરી દીધી છે. દોરડા માટે ઓર્ડર આપવામાં આવ્યો છે. ડેથ વોરન્ટ ઈસ્યુ થતા જ શબનમ-સલીમને ફાંસ આપવામાં આવશે. જોકે સલીમને ફાંસી ક્યાં આપવામાં આવશે તે હજી નક્કી કરવામાં આવ્યું નથી. અમરોહાના ગામ બાવનખેડીમાં વર્ષ ૨૦૦૮ની ૧૪-૧૫ એપ્રિલ દરમિયાન થયેલી ઘટનાને કોઈ ભૂલ્યું નથી. અહીં શિક્ષામિત્ર શબનમે રાતે પોતાના પ્રેમી સલીમની સાથે મળીને પોતાના પિતા માસ્ટર શૌકત, માં હાશમી, ભાઈ અનીસ અને રશિદ, ભાભી અંજુમ અને પિતરાઈ બહેન રાબિયાની કુહાડીથી કત્લ કરી દીધી હતી. ભત્રીજા અર્શનું ગળુ દબીને હત્યા કરી દીધી હતી. આ લોકો તેમના પ્યારના માર્ગમાં અડચણ હતા.

આ મામલમાં અમરોહા કોર્ટમાં બે વર્ષ ત્રણ મહિના સુધી સુનાવણી ચાલી હતી. જે પછી ૧૫ જુલાઈ ૨૦૧૦એ જિલ્લા જજ એસ એ હુસૈનીએ શબનમ અને સલીમને ત્યાં સુધી ફાંસીએ લટકાવવાનો આદેશ આપ્યો હતો, જ્યાં સુધી તેમનો જીવ ન નીકળે. નિર્ભયા કાંડના દોષિતોને ફાંસી પર લટકાવનાર પવન જલ્લાદે ફાંસી ઘરની મુલાકાત પણ લીધી છે. અગાઉ પવને નિર્ભયાના દોષિતોને ફાંસીએ લટકાવ્યા હતા. નિર્ભયાના દોષિતોને ૨૦ માર્ચે ફાંસીની સજા આપવામાં આવી હતી.

## આગામી બે દિવસ રાજ્યના કેટલાંક વિસ્તારોમાં વરસાદ પડવાની કરાઈ આગાહી



અમદાવાદ,

અમદાવાદ સહિત રાજ્યભરમાં શિયાળાની ઠંડીનું જોર ઘટી ગયુ છે. છેલ્લા બે-ત્રણ દિવસથી ઉનાળાની શરૂઆત થઈ રહી હોય તેમ ગરમી અનુભવાઈ રહી છે. બીજી તરફ હવામાનમા પલટો આવવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. હવામાન ખાતાની આગાહી પ્રમાણે, દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારમાં શુક્રવારે અને શનિવારે કમોસમી માવઠું થશે. ગુરૂવારથી આ વિસ્તારના વાતાવરણમાં પલટો આવવા લાગશે. આ સિવાય રાજ્યના અન્ય ભાગોમાં વાદળ છાયુ વાતાવરણ રહેવાની પણ હવામાન નિષ્ણાંતો દ્વારા શક્યતાઓ સેવાઈ રહી છે. આજે બુધવારે અમદાવાદ સહિત રાજ્યના મોટાભાગના શહેરોનું લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી વધુ નોંધાયુ હતુ અને મહત્તમ તાપમાનનો પારો પણ ૩૦ ડિગ્રીને પાર રહ્યો હતો.

શહેરમાં બુધવારે લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રી જ્યારે મહત્તમ તાપમાન ૩૧.૭ ડિગ્રી નોંધાયુ હતુ. રાજ્યનું સૌથી ઠંડા શહેર નલિયામાં પણ લઘુત્તમ તાપમા ઉંચકાઈને ૧૩.૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પલટો આવશે અને વાદળછાયા વાતાવરણ સાથે સામાન્ય વરસાદની આગાહી કરી છે. ઉત્તર કોંકણ અને વિદર્ભમાં એક સાક્લોનિક સર્ક્યુલેશન સર્જાશે.

જેને કારણે હવામાન વિભાગે આગાહી કરી છે કે, ૧૮ અને ૧૯ ફેબ્રુઆરીના તાપી અને ડાંગના વિસ્તારમાં સામાન્ય વરસાદ થવાની સંભાવના છે. ૧૮થી ૨૧માં અરબી સમુદ્ર તરફથી ભેજ વાળા વાદળો ગુજરાત ના કેટલાક ભાગોમાં આવવાથી માવઠું થવાની શકયતા છે. વધુ ભેજ વાળા વાદળો હશે તો ડાંગ, વલસાડ, તાપી, સાપુતારા તેમજ પંચમહાલ, દાહોદ, મહીસાગર અને મધ્ય ગુજરાતના ભાગોમાં કમોસમી વરસાદ થઈ શકે. તેમજ અરવલ્લી, સાબરકાંઠા તેમજ સૌરાષ્ટ્ર વાતાવરણ વાદળછાયું વાતાવરણ રહેવાની શક્યતા છે. ૨૧થી ૨૩ ફેબ્રુઆરીમાં દેશના ઉત્તરીય પર્વતીય ભાગોમાં હિમ વર્ષા અને કમોસમી વરસાદ થવાની શકયતા રહેતા સવારમાં ઠંડા પવન ફૂંકાશે.

## આજથી ધોરણ ૬ થી ૮ની સ્કુલો પુનઃ શરૂ થશે, શિક્ષકો આતુર

ગાંધીનગર,

ગુજરાત રાજ્યમાં આવતીકાલથી ધોરણ ૬થી ૮ની શાળા શરૂ થવા જઈ રહી છે. ત્યારે અમદાવાદમાં કોર્પોરેશન દ્વારા સંચાલિક શાળઆમાં શિક્ષકો વિદ્યાર્થીઓને આવકારવા માટે આતુર બન્યા છે. હાસોલ પ્રાથમિક શાળા નંબર એકમાં શિક્ષકો દ્વારા જાતે શાળામાં સાફ-સફાઈ કરવામાં આવી. શાળામાં વિદ્યાર્થીઓને કોરોનાની ગાઈડલાઈન પ્રમાણે માસ્ક અને સેનેટાઈઝર સાથે પ્રવેશ આપવમાં આવશે.

ગુજરાત સરકારે ધોરણ ૧૦-,૧૧,૧૨ ના વર્ગો શરૂ કર્યા છે. બીજી તરફ સરકાર તબક્કા વાર સ્કૂલો શરૂ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે શાળા પણ તમામ પ્રકારની ગાઈડલાઈન અને નિયમનો પાલન કરીને વર્ગો શરૂ કરી રહી છે.સોશીયલ ડિસ્ટનસ સાથે બાળકો ને ક્લાસમાં બેસાડવામાં આવશે, સ્કુલ એ આવતા બાળકોને સેનેટાઈઝ કરી માસ્ક આપવામાં આવશે.

૧૧ જાન્યુઆરીથી ધોરણ ૧૦ અને ૧૨ અને પોસ્ટ ગ્રેજ્યુએટ ,અન્ડર ગ્રેજ્યુએટ છેલ્લા વર્ષ શિક્ષણ શરૂ થયા છે, ગુજરાત રાજ્યની તમામ બોર્ડ ષ્ઠહ્વજષ્ઠ બોર્ડ સહિત તમામ બોર્ડ ને લાગુ પડશે નિર્ણય,: કેન્દ્ર સરકાર ની જૅ હેઠળ અમલ થશે. તમામ શાળાએ કોરોના ગાઈડ લાઈનનું ચુસ્તપણે પાલન કરવું પડશે.

## વર્ષાંતે બજારમાં કોરોના વેક્સિન આવે તેવી શક્યતાઃ એમ્સ ડિરેક્ટર

ન્યુ દિલ્હી,

દેશવ્યાપી કોરોના વેક્સીનેશન મિશન દરમિયાન અન્ય લોકો માટે વેક્સીન સપ્લાયને લઈને મહત્વના સમાચાર જાહેર કરાયા છે. એમ્સ દિલ્હીના ડિરેક્ટર ડો. રણદીપ ગુલેરિયાએ બુધવારે જણાવ્યું હતું કે આ વર્ષના અંત સુધી બજારમાં કોરોના વેક્સીન વેચાણ માટે આવી શકે એવી આશા છે. ગુલેરિયાએ એવી પણ સ્પષ્ટતા કરી હતી કે, કોરોના વેક્સીન બજારમાં ત્યારે જ સપ્લાય થશે જ્યારે વેક્સીનેશનના પહેલા તબક્કામાં પ્રાઈમ ટાર્ગેટને પૂરો ન કરી લેવાય અને સપ્લાય-ડિમાન્ડમાં સમાનતા હશે.

બુધવારે કોરોના વેક્સીનનો બીજો ડોઝ લીધા પછી ડો. ગુલેરિયાએ કહ્યું હતું કે હું સૌને કહેવા માંગુ છું કે, વેક્સીનથી ગભરાશો નહીં અને વેક્સીન લગાવી લો. દેશમાં હવે કોરોના સંક્રમણની પરિસ્થિતિ સામાન્ય થઈ ચૂકી છે. અન્ય દેશોની સરખામણીએ ભારતની સ્થિતિ સારી છે અને એ જાળવી રાખવવા માટે વેક્સીનેશન કરાવવુ જરુરી છે.

તેમનું કહેવુ હતું કે, દેશવાસીઓ સ્વદેશી વેક્સીન પર વિશ્વાસ રાખે. વેક્સીનેસનથી કોઈ તકલીફ નહીં થાય. તેમણે કોરોના વેક્સીનને લઈને અફવાઓથી દૂર રહેવા લોકોને અપીલ કરી હતી.

ડો. રણદીપ ગુલેરિયાએ ૧૬ જાન્યુઆરી ૨૦૨૧એ એમ્સમાં કોરોના વેક્સીનનો પહેલો ડોઝ લીધો હતો અને ૨૮ દિવસ પછી બીજો ડોઝ લીધા બાદ તેમણે આ વાત કહી હતી. આ પહેલા નીતિ આયોગના સભ્ય ડો. વીકે પોલે પણ એમ્સમાં સ્વદેશી કોરોના વેક્સીનનો બીજો ડોઝ લીધો હતો.

### બપોરે ૧૨થી ૪ વાગ્યા સુધી રેલ રોકોનું એલાન કરાયું છે

## આજે દેશભરમાં ખેડૂતોનું રેલ રોકો આંદોલનઃ ચક્કાજામ કરશે



ન્યુ દિલ્હી,

ખેડૂતોનુ આંદોલન છેલ્લા ત્રણ મહિનાથી ચાલુ છે. ખેડૂતોએ સ્પષ્ટ કરી દીધુ છે કે જ્યાં સુધી મોદી સરકાર ત્રણે નવા કાયદાને પાછા નહિ લે ત્યાં સુધી તે આંદોલન કરતા રહેશે. આ દરમિયાન ક્લાઈમેટ એક્ટિવિસ્ટ દિશા રવિની દિલ્લી પોલિસે ટૂલકિટ મામલે ધરપકડ કરી. જેનાથી ખેડૂતોનો ગુસ્સો વધુ ભડકી ગયો છે. આ માટે ખેડૂતોએ ૧૮ ફેબ્રુઆરીએ દેશવ્યાપી રેલ રોકો આંદોલનનુ એલાન કર્યુ છે. આ પહેરેલા ખેડૂતોએ ચક્કાજામ કર્યુ હતુ. જેનાથી દિલ્લી, યુપી અને ઉત્તરાખંડને અલગ રાખવામાં આવ્યા પરંતુ રેલ રોકો આંદોલન આખા દેશમાં થશે.

સંયુક્ત ખેડૂત મોરચાના જણાવ્યા મુજબ જે સમયે ટ્રાફિક સૌથી ઓછો રહે છે એ વખતે તેમણે ચક્કાજામ કર્યુ હતુ. આ રીતે તેમણે રેલ રોકો આંદોલનની રૂપરેખા તૈયાર કરવામાં આવી છે. ૧૮ ફેબ્રુઆરીએ બપોરે ૧૨ વાગ્યાથી લઈને ૪ વાગ્યા સુધી રેલ રોકો આંદોલન થશે. ખેડૂત નેતાઓના જણાવ્યા મુજબ તેમનો હેતુ માત્ર સરકાર સુધી પોતાનો અવાજ સંભળાવવાનો છે. દિવસમાં ટ્રેનોની અવરજવર ઓછી રહે છે એવામાં તેમણે આંદોલન માટે ચાર કલાકનો સમય પસંદ કર્યો છે જેથી મુસાફરોને મુશ્કેલીનો સામનો કરવો ના પડે.

આ મામલે ભારતીય ખેડૂત સંગઠનના પ્રવકતા રાકેશ ટિકૈતે કહ્યુ કે તે રસ્તામાં ટ્રેનને નહિ રોકે. તે કાયદેસર એન્જિન પર ફૂલ-માલા ચડાવીને ટ્રેનોની અવરજવર સ્ટેશન પરથી બંધ કરાવી દેશે. મુસાફરોને મુશ્કેલી ન થાય તે માટે તેમને ચા-નાસ્તો ખેડૂતો તરફથી આપવામાં આવશે. વળી, બીજી તરફ ખેડૂતોના રેલ રોકો આંદોલનને જોતા જીઆરપી અને આરપીએફ એલર્ટ પર છે. બધા જવાનો અને અધિકારીઓન રજાઓ રદ કરી દેવામાં આવી છે. જ્યાં જ્યાં સ્થિતિ તણાવપૂર્ણ થઈ શકે છે ત્યાં વધુ જવાનોને તૈનાતી કરવામાં આવી રહી છે.

## બૅન્કોના ખાનગીકરણ માટે મોદી સરકાર ખરડા રજૂ કરાશે

ન્યુ દિલ્હી,

જાહેર ક્ષેત્રની બૅંકોના ખાનગીકરણને સરળ બનાવવા સરકાર આ વર્ષના અંત સુધીમાં બે સુધારા ખરડા રજૂ કરે તેવી શક્યતા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર જાહેર ક્ષેત્રની બૅંકોના ખાનગીકરણ માટે બૅંકિંગ કંપનીસ (ઍક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટૅકિંગ્સ) ઍક્ટ, ૧૯૭૦ તેમ જ બૅંકિંગ કંપનીસ (ઍક્વિઝિશન ઍન્ડ ટ્રાન્સફર ઑફ અન્ડરટૅકિંગ્સ) ઍક્ટ, ૧૯૮૦માં સુધારા કરવાની જરૂર છે.

આ કાયદાને કારણે બે તબક્કામાં બૅંકોનું ખાનગીકરણ થઈ શકશે એમ જણાવતાં તેમણે કહ્યું હતું કે બૅંકોના ખાનગીકરણ માટે આ કાયદાની જોગવાઈઓમાં ફેરફાર કરવાની જરૂર છે.

આ સુધારા ખરડા સંસદના ચોમાસુ સત્રમાં અથવા ત્યાર બાદ વરસના અંતે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા હોવાનું તેમણે કહ્યું હતું.

હાલ ચાલી રહેલા સંસદના બજેટ સત્રમાં નાણાં ખરડા ૨૦૨૧, સપ્લીમેન્ટરી ડિમાન્ડ્સ ફૉર ગ્રાન્ટ્સ ફૉર ૨૦૨૦-૨૧ અને સંબંધિત ઍપ્રોપ્રિયેશન બિલ, નેશનલ બૅંક ફૉર ફાઈનાન્સિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઍન્ડ ડૅવલપમેન્ટ બિલ ૨૦૨૧, ક્રિપ્ટોકરન્સી ઍન્ડ રૅગ્યુલેશન ઑફ ઑફિશિયલ ડિજિટલ કરન્સી બિલ, ૨૦૨૧ સહિત જુદા જુદા ૩૮ ખરડા રજૂ કરવામાં આવવાના છે.

અગાઉ, આ મહિનામાં બજેટ ૨૦૨૧-૨૨ રજૂ કરતા નાણાં પ્રધાન નિર્મલા સિતારમણે રૂ. ૧.૭૫ લાખ કરોડ એકઠાં કરવા ડિસઈન્વેસ્ટમેન્ટની ઝુંબેશના ભાગરૂપ જાહેરક્ષેત્રની બૅંકોનાં ખાનગીકરણની જાહેરાત કરી હતી.

બજેટમાં જાહેર કરવામાં આવેલી બૅંકોના ખાનગીકરણની યોજનાનો અમલ કરવા સરકાર આરબીઆઈ સાથે મળીને કામ કરશે, એમ નાણાં પ્રધાને કહ્યું હતું. સરકારે ગયા વરસે જાહેર ક્ષેત્રની ૧૦ બૅંકને ચાર બૅંકમાં એકીકૃત કરી હતી જેને પગલે જાહેરક્ષેત્રની બૅંકોની કુલ સંખ્યા ૨૭થી ઘટીને ૧૨ થઈ ગઈ હતી.

## વડાપ્રધાન ઈમરાન ખાને IMF પાસે ૫૦ કરોડ ડોલરની લોન માંગી

ઈસ્લામાબાદ,

પાકિસ્તાનનું અર્થતંત્ર દિનપ્રતિદિન હવે નાદારીની સ્થિતીએ પહોંચી ગયું છે, વડાપ્રધાન ઈમરાન ખાન દેશને બચાવવા માટે રીતસરનાં હવાતીયા મારી રહ્યા છે, જેમ કે તેમણે તાજેતરમાં આઈએમએફ પાસે ૫૦ કરોડ ડોલરની લોન માંગી છે, એ પણ ત્યારે કે જ્યારે દરેક પાકિસ્તાનીનાં માંથે હાલ ૧ લાખ ૭૫ હજાર રૂપિયાનું દેવું છે.

આઈએમએફ અને પાકિસ્તાન વચ્ચે આર્થિક સુધારા અંગે સમજુતી થઈ છે, તેથી હવે પાકિસ્તાન માટે આઈએમએફ પાસે ૫૦ કરોડ ડોલરની લોન લેવાનો માર્ગ સાફ થઈ ગયો છે, આ લોન ઉપયોગ પાકિસ્તાનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકસાવવા માટે કરવામાં આવશે.

અત્રે ઉલ્લેખનિય છે કે પાકિસ્તાન સરકારની રાજકોષિય નિતીનાં વિવરણમાં બતાવવામાં આવ્યું છે કે ઈમરાન ખાનની પાકિસ્તાન તહેરીકે ઈન્સાફ પાર્ટીની સરકારનાં કાર્યકાળ દરમિયાન લોકો ઉપર ૫૪,૯૦૧ રૂપિયાનું દેવું વધ્યું છે.

જુન ૨૦૧૮માં પાકિસ્તાનનું કુલ જાહેર દેવું ૧૨૦,૦૯૯ ટ્રિલિયન પાકિસ્તાની રૂપિયા હતું, ઈમરાન ખાનની આગેવાની હેઠળની સરકારનાં પહેલા વર્ષની આ રકમ ૨૮ ટકા વધીને ૩૩,૫૯૦ ટ્રિલિયન રૂપિયા થઈ ગઈ. જ્યારે તેના પહેલા આ દેવું ૧૪ ટકા વધ્યું હતું.

### ભટિંડામાં ૫૩ વર્ષ પછી કોંગ્રેસને જીત મળી

## પંજાબ નગર નિગમની ચૂંટણીમાં કોંગ્રેસનો જયજયકારઃ ભાજપના સૂપડા સાફ



ચંડીગઢ,

પંજાબ નગર નિગમની ચૂંટણીમાં આ વખતે કોંગ્રેસનો ડંકો વાગ્યો છે. બુધવારે જાહેર કરવામાં આવેલા પરિણામોમાં નગર નિગમ અને નગર પંચાયતોમાં કોંગ્રેસ પાર્ટીને જીત જોવા મળી છે. કોંગ્રેસ પાર્ટીએ અહીં બાટલા, બઠિંડા, મોગા, કપૂરથલા, પઠાણકોટ નગર નિગમમાં જીત મેળવી દીધી છે. નગર નિગમ સિવાય કોંગ્રેસને અત્યાર સુધી ૯૮ મ્યુનિસિપલ કાઉન્સિલમાં પણ જીત મળી છે. આ નગર નિગમ ચૂંટણીના પરિણામો એટલા માટે ખાસ માનવામાં આવે છે કારણકે, કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂત આંદોલનની શરૂઆત પંજાબથી થઈ છે.

અત્યાર સુધી આવેલા ચૂંટણી પરિણામોની વાત કરીએ તો કોંગ્રેસે ૨૦૦થી વધારે વોર્ડ સીટ પર જીત મેળવી લીધી છે અને ઘણી સીટ પરથી આગળ ચાલી રહી છે. જ્યારે સન્ની દેઓલના સંસદીય વિસ્તારમાં પણ ભાજપનો સફાયો થઈ ગયો છે. સન્ની દેઓલના સંસદીય વિસ્તાર ગુરુદાસપુરથી કોંગ્રેસે સ્ટ્રાઈક કરી દીધી છે. ગુરુદાસપુરની દરેક ૨૯ સીટ પર ભાજપના સુપડાં સાફ થઈ ગયા છે. નોંધનીય છે કે, અહીં ખેડૂત આંદોલન દરમિયાન સન્ની દેઓલનો પણ ખૂબ વિરોધ થયો હતો. જ્યારે ૨૬ જાન્યુઆરીએ હિંસાના મુખ્ય આરોપીમાંથી એક દિપ સિદ્ધુ સાથેની તેની તસવીર પણ ખૂબ વાયરલ થઈ હતી. આ તસવીર વાયરલ થયા પછી સન્ની દેઓલે ખુલાસો કરવો પડ્યો હતો કે, દીપ સાથે તેના કોઈ પારિવારિક સંબંધો નથી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

આર. કે. ડીંડોર
મુ. રજાયતા,
તા. મોરવા(હ)

ગોધરા વોર્ડ નં.૫ ના લોક લાડીલા એવા યુવા
સ્વચ્છ છબી ધરાવતા અને પ્રતિષ્ઠિત એવા અપક્ષ ઉમેદવાર
સંજય ચંપકલાલ સોની

આપનો કિંમતી મત આપી-અપાવી વિજયી બનાવશોજી.

| અનું. નં. | અપક્ષ ઉમેદવાર | નિશાન | બટન |
|---|---|---|---|
| ૧૬ | સંજય ચંપકલાલ સોની | | |

ચૂંટણી મતદાન તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૨૦૨૧
સમય : સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ સુધી
મતદાન અવશ્ય કરો.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગરમાં આજે ૦૩ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૨૦૪૧ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા, કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી અને ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૭-૦૨-૨૦૨૧ના સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં ૨૦૪૧ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલ દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રીએ કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૧૯૬૯ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે.

જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૬ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૫ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફ્લુ/ કોરોનાના કુલ ૧૨૭૩૬૬ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૫૬ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૭ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા, ૧૮ દર્દી હોમ આઈસોલેશન અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૩ દર્દીઓ સ્ટેબલ અને ૦૪ દર્દીઓ ઓકિસજન પર છે.

## મહીસાગર જિલ્લાના જાહેર સ્થળો સરકારી કચેરીઓની બહાર કે ૨૦૦ મીટરની ત્રિજયામાં ધરણા જેવા કૃત્યો કરવા પર પ્રતિબંધ

લુણાવાડા, મહીસાગર જિલ્લામાં જાહેર સ્થળોએ વગર પરવાનગીએ ધરણા, રેલી, સરઘસ, દેખાવો જેવા કાર્યક્રમોમાં ચાર કે તેથી માણસો એકઠાં ન થાય, સુલેહ શાંતિનો ભંગ ન થાય, જિલ્લા/તાલુકા સેવા સદને પોતાના કામ અર્થે આવતાં નાગરિકોને કોઈ અગવડતા ન પડે તથા કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે મહીસાગરના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ આર. આર. ઠક્કરે જિલ્લા સેવા સદન, મહીસાગર તથા જિલ્લાના લુણાવાડા, ખાનપુર, બાલાસિનોર, વિરપુર, સંતરામપુર તથા કડાણા તાલુકા સેવા સદન તેમજ અન્ય તમામ સરકારી કચેરીઓની બહાર કે સદર જિલ્લા/ તાલુકા સેવા સદનના પરિસરથી ૨૦૦ મીટરની ત્રિજયામાં અનઅધિકૃત/ગેરકાયદેસર રીતે કોઈપણ વ્યકિતએ/વ્યકિતઓને એકી સાથે કોઈપણ જગ્યાએ ચાર કે તેથી વધુ માણસો ભેગા થવા કે કોઈ મંડળી બનાવી ધરણા, પ્રતિક ધરણા, પ્રતિક દેખાવો, ભૂખ હડતાળ પર બેસવા, ઉપવાસ કે આમરણાંત ઉપવાસ ઉપર બેસવા તેમજ સરઘસ/રેલી કાઢવા ઉપર તાત્કાલિક અસરથી અમલમાં આવે તે રીતે તાત્કાલીક અસરથી તા.૦૩/૦૩/૨૦૨૧ સુધી મનાઈ ફરમાવી છે.

આ જાહેરનામું જેઓ ફરજ પર સરકારી નોકરી અથવા રોજગારમાં હોય તેવી વ્યકિતઓ, ગૃહરક્ષક દળની વ્યકિતઓ કે જેઓને સક્ષમ અધિકારી તરફથી આપવામાં આવેલ ખાસ કિસ્સા તરીકે પરવાનગી આપવામાં આવી હોય તેઓને લાગુ પડશે નહીં.

આ જાહેરનામાનો ભંગ કે ઉલ્લંઘન કરનાર વ્યકિત શિક્ષાને પાત્ર ઠરશે. જયારે હુકમનો ભંગ કરનાર સામે ક્ષેત્રાધિકાર ધરાવતા પોલીસ સબ ઈન્સ્પેકટર દરજજાથી ઉતરતા ન હોય તેવા અધિકારીને ફરિયાદ નોંધવવા માટે અધિકૃત કરવામાં આવેલ છે.

## સંતરામપુર વિસ્તારમાં એક કરોડની છેતરપિંડી કરનાર આરોપીને SOG પોલીસે ઝડપ્યો

સંતરામપુર, સંતરામપુર તથા આસપાસના વિસ્તારોમાં સતીષ રમણભાઈ કોઠારી સભ્યો બનાવીને સભ્યો પાસેથી માસિક હપ્તા ઉઘરાવતો હતો. અને સભ્યોને ઈનામી ડ્રો કરીને ઈનામ આપતો હતો. સતીષ કોઠારીએ સભ્યોની સંખ્યા વધી જતાં રાતોરાત એક કરોડ જેટલી રકમ લઈને ભાગી ગયો હતો. સંતરામપુર પોલીસ મથકે વર્ષ-૧૯૯૫માં સતીષભાઈ રમણભાઈ કોઠારી તથા તેના ભાઈ વિરુદ્ધ રૂ.૧,૦૦,૮૦,૦૦૦ ની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. સંતરામપુરના જે ગુનામાં સતીષભાઈ રમણભાઈ કોઠારી નાસતો ફરતો હતો. મહિસાગર એસ.ઓ.જી.ની ટીમ દ્વારા સંતરામપુર વિસ્તારમાં જુના લોકોની પુછપરછ કરીને તેઓના કુટુંબીઓ તથા સગા સંબંધિની માહિતી મેળવીને તપાસ કરતા આરોપી સતીષ કોઠારી અલગ અલગ જગ્યાએ વસવાટ કરી હાલ અમદાવાદ ખાતે કોઈ ક જગ્યાએ તેમના છોકરાઓ સાથે રહે છે જેના આધારે તપાસ કરતા એસ.ઓ.જી. પો.સ.ઈ. એસ.એલ. કામોરને બાતમી મળી હતી કે, આરોપી સતીષભાઈ રમણભાઈ કોઠારીનાનો તેના છોકરા સાથે અમદાવાદ ખાતે શ્રી સદન એપાર્ટમેન્ટ વાસણા અમદાવાદ ખાતે રહે છે. પોલીસે બાતમી તથા ટેકનીકલ એનાલીસીસના આધારે એસ.ઓ.જી.મહિસાગરની ટીમ દ્વારા બાતમીવાળી જગ્યાએ તપાસ કરતા તેમનો છોકરો મળી આવ્યો હતો. જેને વિશ્વાસમાં લઈ તેના પિતા અને કાકા બાબતે પુછપરછ કરતા તેના પિતા નામે સતીષભાઈ રમણભાઈ કોઠારી કે જેઓ નજીકના ફલેટમાં રહેતા હોવાની માહિતી આપી હતી. પોલીસે નજીકના ફલેટમાં તપાસ કરતા આરોપી સતીષ કોઠારી મળી આવ્યો હત. અન્ય આરોપી તેના ભાઈ યોગેશભાઈ રમણભાઈ કોઠારી પુછપરછ કરતા તે ત્રણ એક વર્ષ અગાઉ રાજકોટ ખાતે મરણ થયેલ હોવાનુ જણાવીને મરણ સર્ટી રજુ કર્યુ હતુ. મહિસાગર એસ.ઓ.જી.પોલીસે વર્ષ-૧૯૯૫માં નોંધાયેલી ફરિયાદના આરોપીને ૨૬ વર્ષ બાદ પકડી પાડીને સંતરામપુર પોલીસ સ્ટેશને સોંપ્યો હતો.

## બુલેટ રસિકો સામે ગાંધીનગર પોલીસની લાલ આંખ: ૨૨ બુલેટ, ૧૧ બાઈક કર્યા ડિટેઈન

ગાંધીનગર, રાજ્યના બુલેટ ચાલકોના દિવસો હવે ભરાઈ ગયા છે તેવું જણાઈ રહ્યું છે. બુલેટ ચાલકો ઉપર ફરી એકવાર ટ્રાફિક પોલીસે સ્ટ્રાઈક કરી છે. ગાંધીનગરમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા કુલ ૩૩ વાહનો બૂલેટ જપ્ત કરીને ચાલકોને ૫૨,૦૦૦ નો દંડ ફટકારવામાં આવ્યો છે. ગાંધીનગર ટ્રાફિક પોલીસે ૩૩ બુલેટ જપ્ત કરીને મોટો દંડ ફટકારતા હવે બુલેટ ચાલકોમાં ડરનો માહોલ બનેલો છે. તમને જણાવી દઈએ કે આજના યંગસ્ટર્સ લોકોનું ધ્યાન આકર્ષવા માટે બુલેટમાં સાયલન્સર મોડીફાઈડ કરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા હોય છે, જેના કારણે અનેક અકસ્માતો થતા હોય છે.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, મોટા અવાજવાળી બુલેટ લઈને ફરતા લોકો સામે કાર્યવાહી કરવા વાહન વ્યવહાર મંત્રી આર સી ફળદુએ થોડા સમય પહેલા ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાને પત્ર લખીને કાર્યવાહી કરવા કહ્યું હતુ. ત્યારે એક પછી એક જગ્યાએ બુલેટ ચાલકો પર ગાજ પડી રહી છે. ગાંધીનગરમાં ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બુલેટ ચાલકો ઉપર ટ્રાફિક પોલીસે સ્ટ્રાઈક કરીને કુલ ૩૩ બુલેટ જપ્ત કરીને તેમને ૫૨૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો છે.

મોટો અવાજ કરતા બુલેટ ફૂલ સ્પીડમાં ચલાવીને ન્યૂસન્સ ઊભું કરવાની કેટલાક યુવાનો દ્વારા થતી પ્રવૃત્તિ અટકાવવા અને કાર્યવાહી કરવા માગ ઉઠી રહી હતી. જેનું હાલ ટ્રાફિક પોલીસ પાલન કરી રહી છે. ગાંધીનગરમાં પોલીસે અત્યાર સુધીમાં મોડીફાઈડ કરેલા ૨૨ બુલેટ અને ૧૧ બાઈકને સહીત ૩૩ વાહનો ડિટેઈન કરવામાં આવ્યા છે. શહેરનાં મુખ્ય પ્રવેશદ્વાર સહિતનાં માર્ગો પર સઘન ચેકીંગ હાથ ધરી ધ્વનિ પ્રદૂષણ ફેલાવતા બુલેટ ચાલકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ પહેલા ગોધરામાં અને ગઈકાલે વડોદરામાં પણ બુલેટરાજાઓ સામે કાર્યવાહી કરવામાં આવી ચૂકી છે.

## સંતરામપુર નગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા મામલતદારને આવેદનપત્ર અપાયું



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર નગરમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા ૧૦ ફેબ્રુઆરીના રોજ દિલ્હીમાં બજરંગ દળના કાર્યકર્તાની રીન્કુ શર્મા ની મુસ્લિમ જેહાદીઓ દ્વારા હત્યા કરવામાં આવી હતી. તે અંગેનું સંતરામપુરના વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આવેદનપત્ર આપવામાં આવેલ હતું. આવેદનપત્રમાં વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ દિલીપભાઈ રાણા, આર.એસ.એસ.સંઘના તાલુકા કાર્યકર્તા સતીશ પંચાલ, જેકી ભોઈ, નિતીન રાણા, મનોજ, ગૌતમ, હિતેશભાઈ ઉપાદયાય તમામ આજરોજ આવેદનપત્ર આપ્યું હતું.

## ગોધરા ગાયત્રી શક્તિપીઠ અને શાંતિકુંજ હરિદ્વાર ત્રણ જીલ્લાની સંયુક્ત શિબિર યોજાઈ




ગોધરા, ગોધરા શહેર ના ગાયત્રી શકિતપીઠ ખાતે અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર દ્વારા પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાની સંયુક્ત શિબિર રાખવામાં આવી હતી. તેમજ પવિત્ર ગંગા નદીના પવિત્ર જળ ને હર હર ગંગે, ઘર ઘર ગંગે ના કાર્યક્રમ થકી પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લાના ઘર ઘર સુધી પવિત્ર ગંગા નદીના જળ ને પહોંચાડવા ૧૦,૦૦૦ કુંભનું વિતરણ કરવામાં આવશે. અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર શાંતિકુંજ હરિદ્વાર તરફથી આજે પંચમહાલ જિલ્લા ગાયત્રી પરિવાર સંગઠન અને દાહોદ અને મહિસાગર જિલ્લાની ગોધરા શહેર ના ગાયત્રી શક્તિ પીઠ ખાતે આજ રોજ ત્રણ જિલ્લાના કાર્યકર્તાઓ માટે શિબિર રાખવામાં આવી હતી. આ કાર્યકર્તા શિબિરમાં લગભગ ૩૦૦ જેટલા કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. તેના અનુસંધાનમાં શાંતિકુંજ હરિદ્વાર થી ટોળી નાયક પરમાનંદ દ્વિવેદી, પ્રકાશભાઈ મોદી તથા યોગેશભાઈ પટેલ ની ટોળી સાથે ગુજરાત ગાયત્રી પરિવાર ઝોન પ્રભારી અશ્વિનભાઈ જાની, સહપ્રભારી જયેશભાઈ બારોટ તથા ઉપ સહ સંયોજક બચુભાઈ ત્રિવેદી, જિલ્લા સંયોજક વજેસિંહ બારીયા, દાહોદ જિલ્લા સંયોજક યોગેશભાઈ પરમાર, કનુભાઈ સુથાર,મહિસાગર જિલ્લા સંયોજક લાલજીભાઈ ખાંટ, તાલુકા સંયોજક શિવનદાસ કાલવાણી ટ્રસ્ટી કાશીભાઈ પટેલ ત્રણેય જિલ્લાના વરિષ્ઠ કાર્યકર્તાઓ પ્રવિણસિંહ ચૌહાણ, નાથાભાઈ પટેલ, ઈન્દુભાઈ પરમાર, ગુણવંતભાઈ વરીયા ડાયાભાઈ અમીન, સુભાષ વરિયા મહિલા સંયોજક જયાબેન બારીયા, અરૂણાબેન, કપિલાબેન, કમળાબેન સહિત જિલ્લાની અનેક બહેનો ગાયત્રી શક્તિ પીઠ ગોધરા ખાતે ઉપસ્થિત રહ્યા હતા. ત્રણેય જિલ્લાના કાર્યકર્તાઓને પ્રશિક્ષિણ પ્રાપ્ત કરી ઘરે-ઘરે ગંગાજીને રાજ્યના પ્રત્યેક ઘરમાં લઈ જવા માટે શાંતિકુંજ હરિદ્વાર ઘરે પહોંચે તથા કુંભ મેળો ઘર-ઘર સુધી પહોંચે તે હેતુસર આ કાર્યક્રમ હાથ ધરાયો હતો.કારણ કે હાલમાં ચાલુ વર્ષે કોરોના ના કારણે કુંભમેળો યોજાઈ શક્યો નથી.જેથી ગંગાજી ઘર ઘર સુધી પહોંચે તેના માટે આયોજન કર્યું હતું. હર હર ગંગે ઘર-ઘર ગંગે નો નારા સાથે કાર્યકર્તાઓને ખૂબ જ ઉત્સાહિત કર્યા હતા.તયારે ગંગા નદીના પવિત્ર જળ ને ગુજરાત રાજયમાં લગભગ સવા લાખ કુંભ દ્વારા વિતરિત કરવામાં આવશે. જેમાં પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં કુલ ૧૦,૦૦૦ પવિત્ર કુંભ નું વિતરણ કરવામાં આવશે. તમામ કાર્યકર્તાઓ માટે ગાયત્રી શક્તિપીઠ ગોધરા તરફથી ભોજનની સુંદર વ્યવસ્થા પુરી પાડવામાં આવી હતી. જિલ્લાના ઉત્સાહી કાર્યકર્તાઓ દ્વારા સમગ્ર માનવજાતના કલ્યાણ માટે આ કાર્યક્રમને ખૂબ જ સુંદર રીતે વધાવી સાવ પ્રખરતા પૂર્વક કાર્ય કરવા સંકલ્પબદ્ધ થયા હતા.

## સંતરોડ ગામે પાણી જેવી સામાન્ય બાબતે મારમારી કાર ચઢાવી દેવાનો પ્રયાસ



ગોધરા, મોરવા હડફ તાલુકાના સંતરોડ ગામે આવેલી એક હોટલ પર નજીવી કહી શકાય તેવી પાણીની બાબતને લઈને એક ઈસમએ હોટલ પરના શખ્સને ઢોર મારમારી તેમજ પોતાની ફોર વ્હીલકારથી કચડવાનો પ્રયાસ કરી શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી નાસી જઈ ગુન્હો કર્યો હતો, ત્યારે આ મામલે કાર ચાલક વિરૂદ્ધ મોરવા હડફ પોલીસે હત્યાના પ્રયાસનો ગુન્હો નોંધી વધુ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

મોરવા હડફ તાલુકાના સંતરોડ ખાતે દાહોદ હાઈવે રોડ પર આવેલી એક હોટલ પર હિતેશભાઈ વરજ્ઞા માણસો પાણી લેવા ગયા હતા,ત્યારે હોટલમાં પાણી ખલાસ થઈ ગયું હોય જેથી ભોગ બનનાર નિમેશભાઈ પ્રવીણભાઈ રુપાપરા એ આરોપી ના માણસો ને જણાવ્યું હતું કે હોટલઆ પાણી ખલાસ થઈ જવાનું છે જેથી તમારી ઓફીસ ની નીચે પાણી આવે છે ત્યાં થી ભરી લઈ જાઓ તેમ કહેતા આરોપી હિતેશભાઈ વરુ દ્વારા હોટલ પર આવી નિમેશભાઈ ને બીભત્સ શબ્દો કહી હોટલ ના ટેબલ પર દાબી રાખી ગડદાપાટુ નો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યારબાદ નિમેશભાઈ નું મોત નિપજાવવા ના ઈરાદે આરોપી હિતેશભાઈ વરૂ એ પોતાની સ્વીફ્ટ કાર (જી.જે.૧૭. એ.એચ.૨૯૧૭) ને પુર ઝડપે હંકારી લઈ આવી નિમેશભાઈ ને કાર થી ટક્કર મારી ઘસડી જઈ કમર થી નીચેના ભાગે કાર ની ટાયર ચઢાવી દઈ શરીરે ગંભીર ઈજાઓ પહોંચાડી પલાયન થઈ ગયો હતો.ત્યારે આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરા માં કેદ થઈ હતી. ત્યારે આ મામલે કારચાલક શખ્સ હિતેશભાઈ વરૂ વિરૂદ્ધ મોરવાહડફ પોલીસે હત્યા નો ગુન્હો નોંધી વધુ આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી. ત્યારે ઈજાગ્રસ્ત નિમેશભાઈ ને વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. જ્યાં તેઓની વધુ સારવાર હાથ ધરવામાં આવી હતી.

## હાલોલ-પાવાગઢ રોડ ઉપર ડમ્પરની અડફેટમાં ૪ વર્ષીય બાળકીનું મોત

હાલોલ, હાલોલ-પાવાગઢ રોડ ઉપર સીટીઝન બેંકની સામે રોડ ઉપરથી પસાર થતાં ડમ્પરના ચાલકે ૪ વર્ષીય બાળકીને અડફેટમાં લેતાં ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવા પામ્યું. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ-પાવાગઢ રોડ ઉપર સીટીઝન બેંકની સામે રોડ ઉપર પસાર થતાં ડમ્પર નંબર જીજે.૦૬.એટી.૮૬૮૮ ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રસ્તે ચાલતી જતી ૪ વર્ષીય બાળકી સોહા સાહિલ બાદશાહને અડફેટમાં લઈ પેટ ઉપર ટાયર ચડાવી દઈ ગંભીર ઈજાઓ પહોંચાડતા બાકળનું ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું હતું. આ બાબતે હાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## હાલોલના અરાદ ગામની ૨૪ વર્ષીય મહિલા દવા પી જતાં સારવાર અર્થે ખસેડાઈ

હાલોલ, હાલોલ તાલુકાના અરાદ ગામે રહેતી ૨૪ વર્ષીય યુવાન કોઈ કારણોસર ઝેરી દવા પી જતાં સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા. પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના અરાદ ગામે રહેતી વૈશાલીબેન અનિલકુમાર પરમાર ઉ.વ.૨૪ એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરમાં ઝેરી દવા પી ગયા હતા. તેઓને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## મોડા છૂટા થયેલા શિક્ષકોને જૂની તારીખથી લાભ મળી રહેશે

ગાંધીનગર, રાજયના પ્રાથમિક સ્કૂલના શિક્ષકો માટે આજે સારા સમાચાર મળી રહ્યા છે. પ્રાથમિક સ્કૂલના શિક્ષકોને જિલ્લા ફેરથી મોડા છૂટા થયેલા હોય તેવા શિક્ષકોને રાજય સરકારે લાભ આપ્યો છે. રાજય સરકારની જાહેરાત પ્રમાણે મોડા છૂટા થયેલા શિક્ષકોને જૂની તારીખથી લાભ મળી રહેશે. એટલું જ નહીં, મર્જ શાળાના શિક્ષકોની પણ સિનિયોરિટી ગણાશે. બદલી વખતે મર્જ શાળાની સિનિયોરિટી ધ્યાને લેવાશે. પ્રાથમિક શૈક્ષિક મહાસંઘે અગાઉ રજૂઆત કરી હતી જેનું સરકારે ધ્યાને લઈ આ નિર્ણય લીધો છે. ગુજરાત સરકારે અગાઉ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા અંદાજે બે લાખ જેટલા શિક્ષકોની બદલીના નિયમમાં મોટો ફેરફાર કરવામાં આવ્યો હતો.

નવા નિયમ પ્રમાણે ધોરણ.૧થી ૫ના શિક્ષકોને વધતા કિસ્સામાં ધોરણ.૬થી ૮માં સમાવવામાં આવશે નહીં. બંનેની સિનિયોરિટી અલગ-અલગ જ ગણવામાં આવશે, જેને કારણે પ્રાથમિક શિક્ષકોની જિલ્લાફેર બદલીમાં સરળતા રહેશે. અત્યારસુધીમાં ધોરણ.૧થી ૮ને સળંગ એકમ ગણવામાં આવતો હોવાથી સિનિયોરિટીના લાભથી અનેક શિક્ષકો વંચિત રહેતા હોવાથી તેમની બદલીઓમાં વિલંબ થતો હતો. પ્રાથમિક શાળાઓમાં ધોરણ.૮નો સમાવેશ કરવામાં આવ્યા બાદ શિક્ષકની ભરતી માટે પણ સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનું શરૂ કરાયું હતું. બે ભાગમાં વહેચાયેલી પ્રાથમિક શાળામાં ધોરણ.૧થી ૫ના શિક્ષકોની ભરતીમાં પીટીસીની લાયકાત નક્કી કરાઈ હતી,

જ્યારે ધોરણ.૬થી ૮માં બી.એડ અથવા તો પીટીસી સાથે ગ્રેજયુએશન ફરજિયાત કરાયું હતું. આ પહેલાં માત્ર પીટીસીની લાયકાતથી ભરતી થતી હતી, જેથી ધોરણ.૬થી ૮માં જે-તે સમયે લાયકાતવાળા શિક્ષકો પૂરતા નહોતા. માટે શિક્ષણ વિભાગે ટેમ્પરરી એવી જોગવાઈ કરી હતી કે ધોરણ ૧થી ૫માં જે શિક્ષકો વધુ હોય તેમને ધોરણ.૬થી ૮માં સમાવવાના રહેશે. આમ, વધારાના શિક્ષકો ઉચ્ચ પ્રાથમિકમાં સમાવિષ્ટ થવાના કારણે બદલીના સંજોગોમાં ધોરણ.૧થી ૮નો સળંગ એકમ ધ્યાનમાં લેવામાં આવતો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૮-૦૨-૨૦૨૧, ગુરૂવાર, મહા સુદ-છઠ, સૂર્યોદય-૭-૨૧, સૂર્યાસ્ત-૬-૪૧, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : કુંભ (ગ.સ.શ.), નક્ષત્રઃ શતતારા

| | |
|---|---|
| સૂર્ય-કુંભ<br>ચંદ્ર-કર્ક<br>મંગળ-ધન<br>બુધ-કુંભ<br>ગુરૂ-ધન<br>શુક્ર-મેષ<br>શનિ-મકર<br>રાહુ-મિથુન<br>કેતુ-ધન<br>હર્ષલ-મેષ<br>નેપ્ચ્યુન-કુંભ<br>પ્લુટો-મકર | - શુભ ચોઘડીયા -<br>અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી<br><br>- શુભ હોરા-<br>૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી |

## દૈનિક રાશીફળ

તા.૧૮.૦૨.૨૦૨૧ ગુરૂવાર

મેષ(અ.લ.ઈ.) :- પરોપકારની ભાવના પ્રબળ બનવાની ધાર્મિક કાર્યમાં સફળતા નોકરીમાં બદલીની શકયતા રહે.

વૃષભ(બ.વ.ઉ.) :- ઈન્વેસ્ટમેનના પ્રશ્નોમાં સફળતા મલે કોર્ટ કેસના પ્રશ્નોમાં સમાધાનથી લાભ. આત્મવિશ્વાસ વધવાનો.

મિથુન(ક.છ.ઘ.) :- કારકિર્દી યશસ્વી બનવાની નોકરીમાં કાર્યભાર રહે. મહેનતનું ફળ મલે. વિદેશના પ્રવાસની ઈચ્છા ફળવાની.

કર્ક(ડ.હ.) :- તમારી અંગત જિંદગીની સમસ્યાની ચર્ચા પારકા સાથે કરવાથી જાળવજો. આત્મવિશ્વાસ વધારો. સફળતા મલશે.

સિંહ(મ.ટ.) :- માન-સન્માન મેળવવા વધુ મહેનત કરવી પડશે. નવી ઓળખાણ બાબત તકેદારી રાખો. સમયનો વ્યય ન કરો.

કન્યા(પ.ઠ.ણ.) :- મિત્રોનો સહકાર રહે. નોકરીમાં મનગમતી જગ્યા મલે. સંતાનોની પ્રગતિ માટે સારો દિવસ રહેશે.

તુલા(ર.ત.) :- અચાનક મનગમતી વ્યકિતની મુલાકાત થવાની નોકરીમાં ચીવટ રાખવી રાજકીય લાભ મલવાનો.

વૃશ્ચિક(ન.ય.) :- સરકારી કાર્યોમાં અનુકુળતા રહે. લાગણીઓને કાબુમાં રાખજો શેર સટ્ટામાં નિર્ણયો મહત્વના રહે.

ધન(ભ.ધ.ફ.ઢ.) :- સ્વાસ્થયમાં સુધારો થાય દિવસ ઉત્સાહજનક રહે. સંસ્થામાં સારો હોદ્દો મેળવશો.

મકર(ખ.જ.) :- નોંધપાત્ર સફળતા મલવાની. રહેણાકના મકાનમાં લકઝરી ફેરફાર થવાના.

કુંભ(ગ.શ.સ.) :- ભાગીદારી ધંધાની ઈચ્છા ફળે. પરીવારના વડીલોનું માર્ગદર્શન લેજો. યાત્રા પ્રવાસમાં અનુકુળતા રહે.

મીન(દ.ચ.ઝ.) :- લાંબા અંતરનો પ્રવાસ થાય, સંતાનો સાથે મહત્વની ચર્ચા થાય. શેર સટ્ટામાં અનુકુળતા.

# દાહોદ APMCની ઓફિસને તસ્કરોએ નિશાન બનાવી ૫૦ હજાર રોકડની ચોરી કરી ફરાર

દાહોદ,

દાહોદ અનાજ માર્કેટ (એ.પી.એમ.સી.)માં બે ઓફિસોની અંદર ગતરોજ મોડી રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ બે ઓફિસની દિવાલ તેમજ દરવાજાનું લોક તોડી પ્રવેશ કરી અંદરથી રૂપીયા પચાસ હજાર રોકડા તેમજ પાંચ લેપટોપ અને ડેસ્કટોપ મળી લાખ્ખો રૂપીયાની મત્તાનો હાથફેરો કરી નાસી જતાં પંથકમાં આ સમાચાર વાયુવેગે વહેતા થતાં તસ્કરોના આ આતંકને પગલે ફફડાટ સહિત રોષની લાગણી ફેલાવા પામી હતી.



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ શહેરમાં આવેલ અનાજ માર્કેટમાં અદનાન ઈકબાલભાઈ ખરોદાવાની ઓફિસ અને તેમની જ બાજુમાં આવેલ બીજી એક ઓફિસ મળી બે ઓફિસોમાં ગતરોજ મોડી રાત્રીના સમયે અજાણ્યા તસ્કરોએ આ બે ઓફિસોને ચોરી કરવાના ઈરાદે નિશાન બનાવી હતી. ઓફિસોની દિવાલમાં બાકોરૂ પાડી તેમજ દરવાજાનું લોક તોડી તસ્કરોએ પ્રવેશ કર્યો હતો અને અદનાન ઈકબાલભાઈ ખરોદાવાલાની ઓફિસમાંથી અંદાજે રૂા.૫૦,૦૦૦ રોકડા, ત્રણ લેપટો, બે ડેસ્કટોપની ચોરી હતી હતી જ્યારે તેઓની જ બાજુમાં આવેલ અન્ય એક ઓફિસમાં પણ ચોરીના ઈરાદે ઘુસેલ તસ્કરોએ ત્યાં પણ બે લેપટોપની ચોરી કરી હતી. આમ, રૂા.૫૦,૦૦૦ રોકડા અને પાંચ લેપટોપ તેમજ બે ડેસ્કટોપ મળી લાખ્ખોનો હાથફેરો કરી તસ્કરો નાસી ગયાં હતાં. વહેલી સવારે આ બંન્ને ઓફિસના માલિકો પોત પોતાની ઓફિસમાં આવતી સાથે જ ચોરી થઈ હોવાનું માલુમ પડતાં આસપાસના અન્ય વેપારીઓ અને લોકો પણ દોડી આવ્યાં હતાં. ઘટનાની જાણ દાહોદ શહેર પોલિસને કરાતાં પોલીસ પણ દોડી આવી હતી. જાણવા મળ્યા અનુસાર, પોલીસે તાત્કાલિકા એક્શનને પગલે ડોગ સ્કોર્ડ તેમજ એફ.એસ.એલ.ની મદદથી તસ્કરોને શોધી કાઢવા તપાસનો શીલસીલો આરંભ કર્યો છે. દાહોદ જિલ્લાના પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ આ ચોરીનો ભેદ વહેલામાં વહેલી તકે ઉકેલવામાં આવે અને આ ચોરીમાં જે કોઈપણ ઈસમો કે તસ્કર ટોળકી હોય તેની ધરપકડ કરવામાં આવે તેવા ઉદ્દેશ્ય સાથે દાહોદની એલ.સી.બી.ટીમને પણ તપાસનો આદેશ આપ્યો છે.

# ઝાલોદ બાયપાસ હાઈવે ઉપર દારૂ ભરેલ કાર પીકઅપ સાથે અથડાતા કારમાં આગ લાગતાં બે ઈસમો બળીને ભડથું થયા

દાહોદ,

દાહોદ જિલ્લામાં આવેલ ઝાલોદ બાયપાસ હાઈવે પર આજરોજ વહેલી સવારે એક આઈ ટ્વેન્ટી ગાડીમાં બે વ્યક્તિઓ વિદેશી દારૂ ભરી પુરઝડપે અને ગફલત રીતે પસાર થઈ રહ્યાં હતા. તેવામાં રસ્તાની સાઈડમાં ઉભેલ લોડીંગ પીકઅપ ગાડીને પાછળથી જોશભેર ટક્કર મારતાં આઈ ટ્વેન્ટી ગાડીમાં જોતજોતામાં આગ ભભુકી ઉઠી હતી અને આ આગમાં આઈ ટવેન્ટી ગાડીમાં સવાર બે વ્યક્તિઓ આગની અગન જવાળાઓમાં લપેટાઈ જઈ ભડથું થઈ જતાં હાઈવે પર ચકચાર મચી જવા પામી હતી.



ઝાલોદ બાયપાસ હાઈવે રોડ ઉપરથી એક પીકઅપ લોડીંગ ગાડી હાઈવે રસ્તાની બાજુમાં ઉભી હતી. આ દરમ્યાન પાછળથી એક આઈ ટ્વેન્ટી ફોર વ્હીલર ગાડી પુરઝડપે અને ગફલત રીતે પસાર થઈ રહી હતી અને આગળ ઉભેલ પીકઅપ ગાડીને પાછળથી જોશભેર ટક્કર મારતાં ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ આઈ ટ્વેન્ટી ફોર વ્હીલર ગાડીમાં વિદેશી દારૂનો જથ્થો હોઈ અને અકસ્માત સર્જાતાની સાથે જ ફોર વ્હીલર ગાડીમાં આગ લાગી જતાં ક્ષણભરમાં આ ગાડી આગની લપેટમાં ગઈ હતી. ગાડીમાં સવાર બંન્ને ઈસમોએ બહાર નીકળનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બહાર નીકળવામાં સફળતા ન મળતાં આગની લપેટમાં આવી ગયેલ આઈ ટ્વેન્ટી ગાડીમાંજ આ બંન્ને વ્યક્તિઓ ગાડીમાંજ ભડથું થઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાંની સાથે આસપાસના લોકો દોડી આવ્યાં હતાં. જાણવા મળ્યા અનુસાર, આસપાસના લોકો દ્વારા પાણીનો મારો પણ ચલાવ્યો હતો પરંતુ આગ એટલી વિકરાળ બની ગઈ હતી કે, તેના પર કાબુ મેળવવો મુશ્કેલ હતો. આ ઘટનાની જાણ ફાયર બ્રિગેડના લાશ્કરો તેમજ પોલીસને કરાતાં નજીકનો આ બંન્ને સ્ટાફ પણ તાત્કાલિક દોડી આવ્યો હતો. પરંતુ ઘણુ મોડું થઈ ચુક્યું હતુ અને આઈ ટ્વેન્ટી ગાડીમાં સવાર બંન્ને વ્યક્તિઓ ગાડીમાં લાગેલ આગમાં ગાડીમાંજ બળી ગયાં હતાં. ઘટનાથી વિસ્તારમાં અરેરાટી પણ વ્યાપી જવા પામી હતી ત્યારે સ્થાનીક પોલીસ દ્વારા ગુનો નોંધવાની તજવીજ સાથે તપાસ હાથ ધરી છે.

# ફતેપુરા કોર્ટના બેલીફ હડતમ ગામે નોટીસ લગાડવા જતાં કર્મચારીને મારી કામમાં રૂકાવટ કરતા ફરિયાદ

દાહોદ,

ફતેપુરા કોર્ટમાં બેલીફની ફરજ બજાવતાં એક સરકારી કર્મચારી ફતેપુરાના હડતમ ગામે એક વ્યક્તિના ઘરે નોટીસની બજવણી કરવા જતાં આ વ્યકિત દ્વારા સરકારી કર્મચારીને બેફામ ગાળો બોલી ઘરના દરવાજા પર લાગેલ કોર્ટની નોટીસ ઉખાડી દઈ કર્મચારીને લાપટો ઝાપટો મારી કોલર પકડી રીતસરની કાયદેસરની કામગીરીમાં રૂકાવટ ઉભી કરતાં આ સંબંધે પોલીસમાં ફરિયાદ નોંધાવા પામી છે.

ગત તા.૧૬મી ફેબ્રુઆરીના રોજ મહિસાગર જિલ્લાના સંતરામપુર તાલુકામાં ખરસોલી ગામે રહેતા અને દાહોદ જિલ્લાના ફતેપુરા કોર્ટમાં બેલીફની નોકરી કરતાં નિમેશકુમાર મનુપ્રસાદ પટેલ ફતેપુરાના હડતમ ગામે પ્રતિવાદીઓના ઘરે નોટીસ તથા સમન્સની બજવણી કરવા માટે ગયા હતા. ત્યારે હડતમ ગામે ગળી ફળિયામાં રહતા ચોહાનભાઈ ચોકલાભાઈ ચારેલ દોડી આવી, હું ચોખલાનો છોકરા ચોહાન છું, તું શું કાગળ મારા દરવાજા ઉપર ચોંટાડે છે, તેમ કહી દરવાજા ઉપર ચોંટાડેલ નોટીસ ઉખાડીને ફેંકી દીધી હતી. જેથી નિમેશકુમારે જણાવ્યું હતું કે, હું ફતેપુરા કોર્ટમાં બેલીફની નોકરી કરૂં છું અને સરકારી કામે નોટીસની બજવણી કરવા સારૂ આવેલ છે, તેમ કહેતા ચોહાનભાઈ એકદમ ઉશ્કેરાઈ જઈ, તમે કોર્ટમાંથી આવ્યા છો તો શું થઈ ગયું, તેમ કહી નિમેશકુમારનો કોલર પકડી લાપટો, ઝાપટો મારી પથ્થર વડે બરડાના ભાગે ઈજા પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે નિમેશકુમાર મનુપ્રસાદ પટેલે આ સંબંધે સુખસર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ઝાલોદ પાલિકાના ચીફ ઓફિસર સામે ગેરરીતિની ખાતાકીય તપાસ થતાં પાલિકામાં સોંપો પડી ગયો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ નગરપાલિકાના ચીફ ઓફિસર હિરલ ઠાકરે વર્ષ ૨૦૧૮ થી ૨૦૨૦ દરમિયાન આણંદના પેટલાદ નગરપાલિકામાં કેટલીક સરકારી યોજનાઓ હેઠળ પોતાની કામગીરી દરમિયાન થયેલી ગેરરીતિમાં ખાતાકીય તપાસ શરૂ થતા આ ચીફ ઓફિસરને પ્રાદેશિક કમિશનર, નગરપાલિકાઓ, ભાવનગર ઝોન ભાવનગર ખાતે રહેવાનો હુકમ સેક્શન અધિકારી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય,ગાંધીનગર કરાતાં ઝાલોદ નગર પાલિકામાં ચૂંટણી ટાણે સોંપો પડી જવા પામ્યો હતો.

મળતી માહિતી પ્રમાણે, હિરલબેન હરીરાય ઠાકર ચીફ ઓફિસર (વર્ગ-૨) ઝાલોદ નગરપાલિકા, જિ.દાહોદ સામે તા.૧૯.૦૩.૨૦૧૮ થી તા. ૨૧.૦૮.૨૦૨૦ દરમ્યાન ચીફ ઓફિસર, પેટલાદ નગરપાલિકા તરીકે ફરજ બજાવતાં હતા. તે સમયે તેમના દ્વારા પેટલાક નગરપાલિકામાં સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આગવી ઓળખ યોજના હેઠળ નવીન ટાઉન હોલ બનાવવાની કામગીરીમાં આચરાવામાં આવેલ ગેરરીતી સંબંધમાં શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની બાબતે વિચારણા હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે અને આ બાબતે ખાતાકીય તપાસ શરૂ કરવામાં આવી છે. આ કારણોસર તેઓને સક્રિય સેવામાં ચાલુ રાખવા જાહેર વહીવટી હિતમાં ન હોઈ તેઓને તાત્કાલિક અસરથી ફરજ મોકુફી હેઠળ મુખ્ય મથક પ્રાદેશિક કમિશ્નર, નગરપાલિકાઓ, ભાવનગર મુકવામાં આવ્યાં છે. આ હુકમ સેક્શન અધિકારી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગર દ્વારા કરવામાં આવતાં દાહોદ જિલ્લામાં સ્થાનીક સ્વરાજ્યની ચુંટણીના સમયે ઝાલોદ પાલિકાના નગરપાલિકા આલમમાં ચકચારમ મચી જવા પામી હતી.

# જવાહર નવોદય વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા અંગે સૂચના

દાહોદ,

લીમખેડા ખાતે આવેલી જવાહર નવોદય વિદ્યાલય, દાહોદ-૨માં ધોરણ ૯ની ખાલી પડેલી જગ્યાઓ માટે પ્રવેશ પરીક્ષા તા. ૨૪-૦૨-૨૦૨૧ના રોજ યોજનાર છે. જે ઉમેદવારોએ ઓનલાઈન ફોર્મ ભર્યાએ તેમણે હોલ ટિકિટ-પ્રવેશપત્ર www.navodaya.gov.in ઉપરથી ડાઉનલોડ કરી લેવા. પ્રવેશપત્રમાં કોઈ ક્ષતિ હોય તો જવાહર નવોદય વિદ્યાલયનો સંપર્ક કરી શકાય છે. પરીક્ષા નૂતન વિદ્યાલય, લીમખેડા ખાતે ઉક્ત તારીખે સવારના ૧૦તી ૧૨.૩૦ સુધી લેવામાં આવશે. તેમ આચાર્યની યાદીમાં જણાવાયું છે.

# દે.બારીઆ શહેરમાં ગરમીનો પારો ધીમેધીમે વધતા મસ્સી તથા મચ્છરના ઉપદ્રવ થી જનતા પરેશાન

દે.બારીઆ,

દે.બારીઆ પંથકમાં તિવ્ર ઠંડીનો સપાટો જોવા મળ્યો હતો. હવે કેસુડો સોળે કળા એ ખીલી ઉઠયો છે. ધીમેધીમે ગરમીના સુરજ દાદા એ પગ પેસારો કરી દીધો છે. હોળીના ઢભૂકલા સાથે ગીતો ગવાય છે. છેલ્લા કેટલા દિવસ થી લુઘત્તમ તાપમાન વધવાનું શરૂ થઈ ચૂક્યું છે. રાત્રીમાં ઠંડીના ચમકારો જોવા જઈએ તો ઠંડી લગભગ વિદાય થઈ રહી છે. ત્યારે ગરમીનું મહત્તમ તાપમાન ૩૦,૩૨ ડિગ્રી પહોંચ્યો છે. દે.બારીઆ શહેરમાં મસ્સી (જંતુ) તથા મચ્છર રાત્રીમાં ઉપદ્રવ વધતા શહેરની આમ જનતા હેરાન પરેશાન થઈ રહી છે. દિવસે સવારે ૧૦ થી ૧૨ વાગ્યા સુધી નાની મસ્સીનો ઉપદ્રવ થી શહેરમાં બાઈક સવારોને આંખોમાં આવતા બાઈક રોકી દેવા માટે મજબુર છે. રાત્રીમાં મચ્છરનો ઉપદ્રમમાં વધારો જોવા મળે છે. દે.બારીઆ નગર પાલિકાનું સેનેટરી વિભાગના સેનેટરી ઈન્સ્પેકટર આ સમસ્યા માટે કોઈ ઉપાય ફોંગીગ મશીન થી જંતુનાશક દવાનો છંટકાવ માટે પોતાની ફરજ પ્રત્યે શાલીન્તા દાખવશે ખરા તે આવનારો સમય જ બતાવશે.

# માર્ગ અને મકાન વિભાગનું તંત્ર ઘોર કુંભકરણની નિંદ્રામાંથી કયારે જાગશે ???

દે.બારીઆ,

દે.બારીઆ શહેર માંથી પસાર થતો રોડ માર્ગ અને મકાન વિભાગની કચેરી જે લીમખેડા મુકામેની હસ્તક છે. આ શહેર માંથી પસાર થતો રોડ ઉપર મસમોટા ખાડા રાજમહેલ રોડ ઉપર પડી ગયા છે છતાં પણ રીપેરીંગ કરાતા નથી શું આ રીપેરીંગના લાખ્ખોના બીલો બની જતા નથી ને તેમજ આ રોડમાં ગરનાળા ભે દરવાજાનું ગરનાળું તથા અવંતિ પાસ ગરનાળાની સેફટી દિવાલો તૂટી ગઈ છે. છેલ્લા એક વર્ષનો સમય વિતવા આવ્યો. તેમ છતાં આ સેફટી દિવાલ બનાવવામાં આવી નથી. આ ગરનાળાઓમાં અજાણીયો વાહન ચાલક ખાબકવાની રાહ જોવાઈ રહી છે. ભે દરવાજાના ગરનાળામાં એક બાઈક સવાર ચોમાસાના પાણીમાં ખાબકીયા બાદ તણાયો હતો. બહેરા કાનના માર્ગ વિભાગના પદના અધિકારીઓ, કર્મીઓ આ મીડીયાના અહેવાલમાં પોતાની પોલ ખુલશે તે અંગે દરકાર કરશે ? જાડી ચામડાના કર્મીઓ હવે તો જાગશે કુંભકર્ણ તો છ માસમાં પણ જાગે છે. આજના કર્મીઓ વર્ષમાં જાગતા નથી.

# દે.બારીઆમાં રેતી ખનન માફિયાઓ બેફામ : માલિકીની જમીન તેમજ સ્મશાનની જમીનમાંથી રેતી ઉલેચતા રોષ

દે.બારીઆ,

દે.બારીઆમાં તાલુકામાં બેફામ બનેલા રેતી માફિયાઓએ નદીના પટમાંથી રેતી ઉલેચતા ઉલેચતા ખાનગી સર્વે નંબર પણ ખોદી નાંખતા ખેડુતો ચિંતિત બન્યા છે. રેત માફિયાઓએ વિધવાની ખાનગી જમીન તથા સ્મશાનની જમીનમાંથી પણ રેતી ઉલેચીને ૨૫ ફુટ ઉંડા ખાડા પાડી દેતા લોકોમાં ભારે રોષ વ્યાપ્યો છે.

દે.બારીઆ તાલુકામાં સ્થાનિક તંત્ર તેમજ ખાણ ખનીજ વિભાગની રહેમ નજરના કારણે રેતી માફિયાઓ બેફામ બન્યા હોવાનુ જણાઈ રહ્યુ છે. તાલુકાના રાતડિયા ગામની પાનમ નદીના પટમાં રેતી માફિયાઓ દ્વારા રેતી ખનન કરતા કરતા નદીની બાજુમાં આવેલા ખાનગી સર્વે નંબર ખોદી તેમાંથી હાલમાં મોટાપાયે રેતી ખનન કરવામાં આવી રહ્યુ છે. ત્યારે એક ખાનગી સર્વે નંબર ખોદતા તેની નજીકમાં આવેલી અન્ય સર્વે નંબર જમીન પણ પાણીમાં ધોવાઈ જવાની દહેશત સેવાઈ રહી છે. આ ખોદી નાંખવામાં આવેલ ખાનગી સર્વે નંબરની બાજુમાં એક વિધવાના સર્વે નંબર આવેલ છે. જેને હાલમાં આ રેતી માફિયાઓ ધમકીઓ પણ આપતા હોવાનુ ગામમાં ચર્ચાઈ રહ્યુ છે. ગેરકાયદેસર ખોદકામ બાબતે દે.બારીઆ મામલતદાર ૨૫જાન્યુઆરીના રોજ સ્થળ ઉપર જઈ તપાસ કર્યા બાદ કોઈ પગલા લેવામાં આવ્યા ન હતા.૧૦ ફેબ્રુઆરીના રોજ પણ ખાણ ખનીજ વિભાગે પણ નદીમાં પટમાં ડ્રોન દ્વારા તપાસ કર્યા બાદ ઢીલ મુકી દીધી હોવાનુ જણાઈ રહ્યુ છે.

હાલમાં આ રાતડિયા ગામની પાનમ નદીના પટ તેમજ ચેનપુર ગામમાં મોટાપાયે રેતી ખનન થઈ રહ્યુ છે. જેમાં નદીના પટમાં ૨૦ થી ૨૫ ફુટના ઉંડા ખાડાઓ પાડી દઈ સ્મશાનની જમીનને પણ ખોદી દઈ સ્મશાનની જમીનને પણ ખોદી નાંખી છે.જો રેતી માફિયાઓ પર લગામ કસવામાં નહિ આવે તો ગામ સુધી રેતી ખનન કરી મોટુ જોખમ ઉભુ કરે તેવો ડર ઉભો થયો છે.

આ સ્થાનિક ગ્રામ પંચાયતથી લઈ મામલતદાર ખાણ ખનીજ વિભાગ આ બાબતે આંખ આડા કાન કરી રહ્યા છે. ત્યારે આ પાનમમાં જુના બારીયા, ભુવાલ, રાતડિયા, ચેનપુર, રામા જેવા અનેક ગામોમાં પણ ખાનગી જમીનમાં રેતી ખનનનો ધંધો ફાલ્યો ફુલ્યો છે.

# દે.બારીઆના અંતેલા ગામે ડાકણના વ્હેમે હુમલો કરનાર ચાર વ્યકિતને ૮ માસની કેદની સજા

દે.બારીઆ,

દાહોદ જિલ્લાના દે.બારીઆ તાલુકાના અંતેલા ગામના ટીનાબેન ભારતભાઈ વાદી ઉપર ડાકણનો વ્હેમ રાખી તે મારી છોકરીના છોકરાઓ ખાઈ ગયાના મુદ્દે પંચાણુ ભેગુ કરવાના છે તેમ જણાવી તા.૧૮/૦૪/૨૦૧૭ના રોજ રાત્રિના સમયે ભથવાડા ટોલનાકા પાસે બોલાવતા ટીનાબેન તથા તેમના પતિ-સસરા અને સગા સંબંધિઓ ભથવાડા ટોલનાકા પાસે જતાં ગોલ્લાવ ગામના ચતુરભાઈ વાદી, રાજુ ચતુર માવી, સુમિત્રાબેન વાદી, રેખાબેન વાદીએ ભેગા મળી ટીનાબેન વીને બિભત્સ ગાળો બોલી તેમના પતિ ભારતભાઈ સાથે ઝપાઝપી કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા આ સંદર્ભે ટીનાબેને દે.બારીઆ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ આ કેસ દે.બારીઆ કોર્ટમાં ચાલી જતાં વકીલની ધારદાર દલીલોના આધારે મેજીસ્ટ્રેટ દ્વારા ચારેયને ૮ માસની કેદની સજા તથા ૧૦૦૦રૂ.ના દંડની સજા ફટકારવામાં આવી હતી.

# અહમદ પટેલના અવસાન બાદ કોંગ્રેસનો કોઈ રણીધણી નથી રહ્યો

અમદાવાદ,

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીઓ પુર જોશમાં ચાલી રહીછે. ત્યારે હવે ધીમે ધીમે ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થતું જોવા મળે છે. ફોર્મ પરત ખેચવાની છેલ્લી તારીખ હતી. ગુજરાત રાજ્યમાંથી કુલ ૨૧૯ સિટ બિન હરીફ બની છે અને ભાજપનો ભગવો લહેરાયો છે. ત્યારે મૂળ કોંગ્રેસી અને હાલમાં ભાજપના રાજ્યસભાના સાંસદ એવા નરહરિ ભાઈ અમીનનું એક મોટું નિવેદન સામે આવ્યું છે. આ બિન હરીફ બનેલી સીટો માટે તેમણે કોંગ્રેસમાં રહેલી જૂથબંધીને કારણભૂત ગણાવ્યું છે.અમીને વધુમાં જણાવાયું હતું કે, કોંગ્રેસની આંતરિક વિખવાદને લઈને ઉના અને કડી નગરપાલિકા ગુમાવવાનો વારો આવ્યો છે. અહમદ પટેલના અવસાન બાદ કોંગ્રેસનો કોઈ રણીધણી નથી રહ્યો. છેલ્લા એક દાયકાથી કોંગ્રેસમાં જુથબંધીથી મોટું નુકસાન થયું છે. ૨૦૧૫માં કોંગ્રેસ



પાસે જિલ્લા પંચાયત તાલુકા પંચાયતની સારી સીટ હતી. ૨૦૨૧ના ચૂંટણી પરિણામોમાં ભાજપ સારી જીત મેળવશે.

કોંગ્રેસમાં ધારાસભ્યની માનહાનિ થવાથી રાજીનામા પડે છે. પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલા અંગે તેમણે જણાવ્યું હતું કે, કોંગ્રેસ તેમને કેટલું મહત્વ આપે છે તે સમયાંતરે જોવા મળશે. કોંગ્રેસમાં જૂથબધી વચ્ચે ક્યુ જૂથ શંકરસિંહને સ્વીકારે છે તે જોવાનું રહ્યું. પ્રદેશ નેતાઓના રાજુનામ મુદે.. પ્રદેશ નેતાઓએ હારની જવાબદારી સ્વીકારી નિર્ણય લેવો જોઈએ.

# કોંગ્રેસની વિચારધારા મજબૂત હોવાથી હું પક્ષ સાથે છું

રાજકોટ,

રાજકોટમાં મનપાની ચૂંટણી પહેલા કોંગ્રેસના નેતા ઈન્દ્રનીલ રાજ્યગુરૂ ફરી સક્રિય થયા છે. જો કે સક્રિય થતાં જ તેમણે આડકતરી રીતે કોંગ્રેસમાં પણ ભ્રષ્ટાચારીઓ હોવાનો સ્વીકાર કર્યો. ઈન્દ્રનીલ રાજ્યગુરૂએ વોર્ડ નંબર ૯માં જાહેર સભાને સંબોધી હતી. આ દરમ્યાન તેમણે જણાવ્યું કે હું ફરી એક્ટિવ એટલા માટે થયો છું કેમકે ભાજપ ભ્રષ્ટાચાર યુક્ત છે. મને પણ મારા પક્ષ સામે વાંધો છે.

મારા પક્ષમાંથી આ જ સમાજમાંથી લોકો આવે છે.

# વડોદરામાં એરબસ ૩૨૦ એરક્રાફ્ટમાં ગુજરાતની સૌપ્રથમ રેસ્ટોરન્ટ શરૂ થશે



વડોદરા,

ન્યૂઝીલેન્ડના શહેર ટાઉપો, ઘાનાની રાજધાનીનું શહેર આક્રા, ભારતના પંજાબના લુધિયાણા અને હરિયાણાના મોહરી સહિતના દુનિયાનાં ૮ એવાં શહેરો છે જેમની એક જ વિશેષતા છે. આ તમામ શહેરોમાં એરોક્રાફ્ટમાં રેસ્ટોરન્ટ ધમધમે છે. આ યાદીમાં નવમુ નામ વડોદરાનું ઉમેરાય તેવી શક્યતા છે. કારણ કે વડોદરામાં રિયલ એરબસ ૩૨૦માં એક રેસ્ટોરન્ટ શરૂ થવા જઈ રહ્યું છે. ગુજરાતની સૌથી પ્રથમ એરપ્લેન રેસ્ટોરન્ટ વડોદરામાં શરૂ થશે.

આગામી બેથી ત્રણ મહિનામાં આ પ્લેન રેસ્ટોરન્ટ ધમધમતું થઈ જશે. જો વિમાનમાં બેસવાની તક ન મળી હોય અને તેમાં બેસવાની ફીલનો અનુભવ કરવો હોય તો આ રેસ્ટોરન્ટમાં એ મજા માણી શકાશે. આ રેસ્ટોરન્ટ વડોદરાના દક્ષિણે આવેલા ધનિયાવી બાયપાસ પાસેની એક હોટેલના ઓનર દ્વારા શરૂ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ આ રેસ્ટોરન્ટમાં ૯૯ વ્યક્તિઓ એક સાથે જમી શકશે.

# ઝાલોદના જાફરપુરામાં જમીનનો ભાગ ન આપવા બાબતે સળિયાથી હુમલો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદના જાફરપુરામાં જમીનમાં ભાગ કેમ આપતા નથી તેમ કહી એક મહિલા સહિત બે ઉપર હુમલો કરી લોખંડનો સળિયો મારી ઈજાઓ પહોંચાડી હતી. મહિલા સહિત ૩ સામે ફરિયાદ નોંધવામાં આવી હતી.

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામના પીપળી ફળિયામાં રહેતા વિનેશ મોતી ડામોર, સંજય વિનેશ ડામોર, રમીલાબેન વિનેશ ડામોર, ફળિયામાં રહેતા ચંપાબેન મહેભાઈ ડામોરના ઘરે જઈ તમે સર્વે નં-૬૦ તથા ૭૨(બ)વાળી જમીનમાં ભાગ કેમ આપતા નથી તેમ કહી ગાળો બોલી ચંપાબેન ડામોરને પકડી નીચે પાડી દઈ ગડદાપાટુનો માર માર્યો હતો. તેમજ વિનેશ ડામોરે લોખંડનો સળિયો માથામાં મારતા ચંપાબેન લોહિલુહાણ થયા હતા. તેમજ ભાવેશભાઈને જમણા હાથની આંગળી ઉપર લોખંડનો સળિયો મારી ઈજાઓ કરી જાનથી મારી નાંખવાની ધમકીઓ આપી હતી. આ દરમિયાન બુમાબુમ થતાં લોકો દોડી આવતા હુમલાખોરો જાનથી મારી નાંખવાની ધમકીઓ આપતા ભાગી ગયા હતા. અને ઈજાગ્રસ્તોને સારવાર માટે લઈ જવામાં આવ્યા હતા. આ સંદર્ભે ચંપાબેન ડામોરે હુમલાખોરો વિરુદ્ધ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 150

